પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૪ | ૨૫ માર્ચ, ૨૦૨૧, ગુરૂવાર; ફાગણ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં કોરોનાથી સૌથી વધુ ૨૭૫ના મોત

**દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૭ હજારથી વધુ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા, મહારાષ્ટ્ર, ગુજરાત, મપ્ર, પંજાબ અને કર્ણાટકમાં કોરોની બીજી લહેરનું આક્રમણ, ચાલુ વર્ષે પ્રથમવાર એક જ દિવસમાં સૌથી વધુ મોત નોંધાયા : આંતરરાષ્ટ્રીય ઉડાનો પર સરકારે પ્રતિબંધ ૩૦ એપ્રિલ સુધી લંબાવ્યા**



ન્યુ દિલ્હી,તા.૨૪

દેશના અનેક રાજ્યોમાં કોવિડ ૧૯ના કેસ રોકેટ ગતિથી વધી રહ્યા છે. મહારાષ્ટ્ર અને ગુજરાત સહિત અનેક રાજ્યોમાં હાલાત ચિંતાજનક છે. કોરોના સંક્રમિતોની સંખ્યા સતત વધી રહી છે. કેન્દ્ર સરકારે આજે જાહેર કરેલા આંકડા મુજબ દેશમાં એક જ દિવસમાં કોરોનાના ૪૭ હજારથી વધુ નવા દર્દીઓ નોંધાયા છે. રાજ્યો અને કેન્દ્ર સરકાર કોરોનાને કાબૂમાં લેવા માટે સતત આકરા પહલા લઈ રહી છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકની અંદર કોરોનાના નવા ૪૭,૨૬૨ દર્દીઓ નોંધાયા છે. આ સાથે કુલ કોરોનાના કેસનો આંકડો ૧,૧૭,૩૪,૦૫૮ પર પહોંચી ગયો છે. જેમાંથી ૧,૧૨,૦૫,૧૬૦ લોકો સાજા થયા છે અને ૩,૬૮,૪૫૭ લોકો હજુ પણ સારવાર હેઠળ છે. એક જ દિવસમાં કોરોનાથી ૨૭૫ લોકોએ જીવ ગુમાવ્યા છે. આ સાથે કુલ મૃત્યુનો આંકડો ૧,૬૦,૪૪૧ થયો છે. કોરોના રસીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં ૫,૦૮,૪૧,૨૮૬ લોકોને રસી આપવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

## મહારાષ્ટ્રના નાંદેડ અને બીડમાં ચાર એપ્રિલ સુધી લોકડાઉન

**જીવનજરુરી ચીજવસ્તુઓની દુકાનો સવારે ૭ વાગ્યાથી બપોરે ૧૨ વાગ્યા સુધી ખૂલ્લી રહેશે, રાજ્ય સરકારની નાગરિકોને ગંભીરતા દાખવવા અપીલ**



નવી દિલ્હી, તા. ૨૪

દેશમાં સૌથી વધુ કેસો ધરાવતા મહારાષ્ટ્રના બે જિલ્લામાં રાજ્ય સરકારે લોકડાઉનની જાહેરાત કરી છે. જે અનુસાર, નાંદેડ અને બીડમાં આજે રાત્રે ૧૨ વાગ્યાથી લોકડાઉન લાગુ પડી જશે, જે ૪ એપ્રિલ સુધી અમલમાં રહેશે. આ દરમિયાન જીવનજરુરી ચીજવસ્તુઓની દુકાનો સવારે ૭ વાગ્યાથી બપોરે ૧૨ વાગ્યા સુધી ખૂલ્લી રહેશે. ઉલ્લેખનીય છે કે, મહારાષ્ટ્રમાં કોરોનાના રેકોર્ડ બ્રેક કેસો નોંધાઈ રહ્યા છે. રોજેરોજ નોંધાઈ રહેલા કેસોની સંખ્યા ૨૦૨૦ના સ્તરને પણ પાર કરી ગઈ છે.

## અનેક રાજ્યોમાં કોરોનાના નવા વેરિયન્ટ

**કોરોનાના નવા વેરિએન્ટના ૭૧૧ કેસ, ૭૩૬ કેસ યુકેના કોરોના વેરિએન્ટ અને ૩૪ કેસ સાઉથ આફ્રિકા વેરિએન્ટ**

નવી દિલ્હી, તા. ૨૪

દેશમાં કોરોનાના વધતા જતા કેસોના કારણે સરકારની ચિંતા વધી ગઈ છે.દેશમાં રોજ ૪૦૦૦૦ જેટલા નવા કેસ રેકોર્ડ થઈ રહ્યા છે અને બીજી તરફ અલગ અલગ રાજ્યોમાં કોરોના વાયરસના અલગ અલગ વેરિએન્ટ મળી રહ્યા હોવાની ચોંકાવનારી વિગતો પણ બહાર આવી છે.

આ બધાની વચ્ચે હોળીનો તહેવાર આવી રહ્યો છે અને લોકોની બજારોમાં ભીડ ભેગી થવાનો ખતરો પણ છે.હવે રાજ્ય સરકારો પણ આકરી ગાઈડલાઈનનો અમલ કરવા માટેના નિર્ણયો લે તેવી શક્યતા છે.

ભારત સરકારનુ કહેવુ છે કે, ૭૧૧ એવા એક મળ્યા છે જેમાં કોરોના વાયરસના નવા વેરિએન્ટ જોવા મળ્યા છે.આ પૈકીના ૭૩૬ કેસ યુકેના કોરોના વેરિએન્ટ, ૩૪ કેસ સાઉથ આફ્રિકા વેરિએન્ટ, એક કેસ બ્રાઝિલિયન વેરિએન્ટનો જોવા મળ્યો છે.આ સિવાય મહારાષ્ટ્ર, કેરાલા, તેલંગાણા અને આંધ્રપ્રદેશમાં પણ નવા વેરિએન્ટ જોવા મળ્યા છે.કેન્દ્ર સરકારે આ રાજ્યોને કડકાઈ વધારવા માટે કહ્યુ છે.

ઉત્તરાખંડમાં પણ કુંભ મેળો ચાલી રહ્યો છે.હવે તેમાં ભાગ લેવા માટે કોરોના ટેસ્ટ ફરજિયાત બનાવાયો છે.મહારાષ્ટ્રના બીજ જિલ્લામાં ૪ એપ્રિલ સુધી સંપૂર્ણ લોકડાઉન લાગુ કરાયુ છે.કેન્દ્ર સરકારે રાજ્યોને કહ્યુ છે કે, રાજ્યો પોતાની રીતે આકરી ગાઈડલાઈન લાગુ પાડવા માંગે તો તેના પર વિચાર થઈ શકે છે.

## સુપ્રીમના ચીફ જસ્ટિસ માટે રમન્નાના નામની ભલામણ

**એસ.એ. બોબડેએ કેન્દ્રને નવા ચીફ જસ્ટિસ માટે રમન્નાના નામની ભલામણ કરી : ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા ૨૩ એપ્રિલે નિવૃત્ત થશે**

નવી દિલ્હી, તા. ૨૪

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ એસ એ બોબડેએ દેશના આગામી ચીફ જસ્ટિસ પદ માટે જસ્ટિસ એન વી રમન્નાના નામની ભલામણ કરી છે. એન વી રમન્ના સૌથી વરિષ્ઠ જજ પૈકી એક છે અને તેઓ દેશના ૪૮માં ચીફ જસ્ટિસ બની શકે છે. ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા એસ એ બોબડે ૨૩ એપ્રિલના રોજ નિવૃત થઈ રહ્યા છે અને તેમણે કેન્દ્ર સરકારને નવા



ચીફ જસ્ટિસ પદ માટે એન વી રમન્નાના નામની ભલામણ કરી છે તેમજ આ અંગેની નકલ જસ્ટિસ રમન્નાને આપી છે તેમ સૂત્રોએ જણાવ્યંન હતું.

નિયમ મુજબ ચીફ જસ્ટિસની નિવૃતિના એક માસ અગાઉ આગામી ચીફ જસ્ટિસના નામની ભલામણ લેખિતમાં કરવામાં આવે છે.

સરકાર દ્વારા આ ભલામણ મંજૂર કરવામાં આવે છે તો એન વી રમન્ના દેશના ૪૮માં ચીફ જસ્ટિસ બનશે. જસ્ટિસ રમન્ના ૨૬ ઓગસ્ટ ૨૦૨૨ના નિવૃત થશે. સીજેઆઈ બોબડે દ્વારા કરાયેલી ભલામણને કેન્દ્ર સરકાર રાષ્ટ્રપતિની મંજૂરી માટે મોકલશે.

આંધ્ર પ્રદેશના ક્રિષ્ણા જિલ્લાના પોન્નાવરમ ગામમાં ૨૭ ઓગસ્ટ ૧૯૫૭ના રોજ જન્મેલા જસ્ટિસ રમન્ના સૌપ્રથમ ૧૦ ફેબ્રુઆરી ૧૯૮૩ના રોજ વકીલ બન્યા હતા. ત્યારબાદ ૨૭ ઓગસ્ટ ૨૦૦માં તેઓ આંધ્ર પ્રદેશ હાઈકોર્ટના કાયમી જજ તરીકે નિયુક્ત થયા હતા.

## કુંભ માટે તમામે કોરોનાનો નેગેટિવ રિપોર્ટ આપવો પડશે

**વેક્સિન લીધી હોય તેમણે પણ કુંભ સ્નાન માટે નેગેટિવનું સર્ટિફિકેટ દર્શાવવું પડશે**

દેહરાદૂન, તા. ૨૪

દેશમાં કોરોના વાયરસના કેસોમાં સતત આવી રહેલા ઉછાળાને પગલે ફફડાટ ફેલાયો છે. કોરોના સંક્રમણની બીજી લહેરથી હરિદ્વારમાં ચાલી રહેલા કુંભ ઉપર પણ પ્રભાવ પડ્યો છે. ઉત્તરાખંડ હાઈકોર્ટે આદેશ આપ્યો છે કે કુંભમાં આવતા તમામ લોકોએ પોતાનો આરટી-પીસીઆર ટેસ્ટ કરાવી નેગેટિવ રિપોર્ટ બતાવવો આવશ્યક રહેશે. હાઈકોર્ટે મુખ્યમંત્રી તીરથ સિંહ રાવતના નિર્ણયની ટીકા કરી હતી જેમાં તેમણે કુંભમાં આવવા માટે યાત્રાળુને કોરોના ટેસ્ટ કરાવવાની જરૂર નહીં હોવાનું જણાવ્યું હતું.

ઉત્તરાખંડ હાઈકોર્ટે કુંભ મેળા અંગે દાખલ કરાયેલી જાહેર હિતની અરજીની સુનાવણી કરતા આદેશ આપ્યો કે કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર દ્વારા જાહેર માર્ગદર્શિકાનું કડક રીતે પાલન કરવામાં આવે. આ ઉપરાંત હાઈકોર્ટે જણાવ્યું હતું કે તે લોકોએ વેક્સિન લીધી છે અને તેઓ કુંભ સ્નાન કરવા આવે છે તો તેમણે પોતાનું સર્ટિફિકેટ દર્શાવવું પડશે અને તોજ તેમને ટેસ્ટમાંથી રાહત મળી શકશે. અન્ય તમામ લોકોએ પોતાનો કોરોના ટેસ્ટ ફરજિયાત કરાવવો પડશે અને રિપોર્ટ નેગેટિવ આવશે તેને જ કુંભ મેળવામાં જવા મંજૂરી આપવામાં આવશે. ઉત્તરાખંડમાં ચાલુ મહિને કુંભ મેળો શરૂ થયો છે. પૂર્વ મુખ્યમંત્રી ત્રિવેન્દ્ર સિંહ રાવતે કુંભમાં આવતા લોકો માટે આરટી-પીસીઆર નેગેટિવ રિપોર્ટ જરૂરી બનાવ્યો હતો. જો કે તાજેતરમાં જ નવા મુખ્યમંત્રી તીરથ સિંહ રાવતે પૂર્વ સીએમના નિર્ણયને બદલતા કહ્યું કે કુંભમાં કોઈ પ્રતિબંધ નહીં હોય. તેમણે કોરોનાનો નેગેટિવ રિપોર્ટ ના હોય તો પ્રતિબંધ હટાવ્યો હતો.

## બંગાળમાં ભાજપ-ટીએમસી વચ્ચે કશમકશ : ઓપિનિયન પોલ

**પશ્ચિમ બંગાળમાં ૮ તબક્કામાં ચૂંટણી છે અને ભાજપની બેઠકો ઓપિનિયન પોલમાં વધતી જોવા મળી રહી છે**

નવી દિલ્હી, તા. ૨૪

પાંચ રાજ્યોમાં ચૂંટણીઓ યોજાવાની છે પરંતુ સૌથી વધુ ચર્ચા પશ્ચિમ બંગાળની ચૂંટણીની છે. મતદાનના પ્રથમ તબક્કા પહેલા એવા સમાચાર આવ્યા છે જેથી ભાજપના નેતાઓની અપેક્ષાઓ નોંધપાત્ર રીતે વધી ગઈ છે. ઓપિનિયન પોલમાં અત્યાર સુધી પછડાતું ભાજપ હવે ટીએમસીની બરાબરી પર પહોંચ્યું છે. એવું ત્યારે જોવા મળી રહ્યું છે જ્યારે પ્રથમ તબક્કાનું મતદાન પણ થયું નથી. જણાવી દઈએ કે, બંગાળમાં આઠ તબક્કામાં ચૂંટણી છે અને ભાજપની બેઠકો ઓપિનિયન પોલમાં વધતી જોવા મળી રહી છે.

મમતા બેનર્જી અને ડાબેરીઓ દ્વારા આઠ તબક્કામાં મતદાન અંગે પહેલાથી જ પ્રશ્નો ઉભા કરવામાં આવ્યા હતા. ચૂંટણી નિષ્ણાતો પણ આ વાત માને છે કે, જ્યારે ચૂંટણીઓ વધુ તબક્કામાં હોય ત્યારે રાજકીય પક્ષોને તે મુજબ તેમની વ્યૂહરચનાની યોજવાની તક મળે છે. આમાં કેટલીકવાર રાજકીય પક્ષો વિવિધ પ્રદેશો અનુસાર વ્યૂહરચના બનાવે છે. અત્યારે ઓપિનિયન પોલ્સના વલણથી ભાજપને ફાયદો થાય તેમ લાગી રહ્યું છે.

પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીના પહેલા તબક્કા પહેલા આવેલા એબીપી-સીએનએક્સ ઓપિનિયમ પોલમાં ભાજપ અને ટીએમસી વચ્ચે



કાંટાની ટક્કરની આગાહી કરવામાં આવી છે. ઓપિનિયન પોલ્સ અનુસાર મમતા બેનર્જીની આગેવાનીવાળી ટીએમસીને ૧૩૬થી ૧૪૬ બેઠકો મળી શકે છે. જ્યારે ભાજપને ૧૩૦થી ૧૪૦ બેઠકો મળવાનો અંદાજ છે. રાજ્યમાં બહુમતીનો જાદુઈ આંકડો ૧૪૮ છે.

એબીપી ન્યૂઝ અને સીએનએક્સ દ્વારા થોડા દિવસો પહેલા હાથ ધરવામાં આવેલા ઓપિનિયન પોલમાં મમતા બેનર્જીની સરકાર બનતી જોવા મળી રહી છે. સર્વેમાં ટીએમસીને ૧૫૪થી ૧૬૪ બેઠકો પર લીડ મળી રહી છે. જ્યારે ભાજપને ૧૦૨થી ૧૧૨ બેઠકો મળવાની ધારણા હતી. થોડા દિવસો પછી ઓપિનિયન પોલમાં ભાજપ આગળ હોવાનું જોવા મળ્યું છે. કેટલાક રાજ્યોની ચૂંટણીઓમાં એવું જોવા મળ્યું છે કે પ્રારંભિક તબક્કામાં જે રાજકીય પક્ષો પાછળ પડતા જોવા મળ્યા હતા, તેઓએ પછીના તબક્કામાં વ્યૂહરચના બદલીને વધુ આગળ નીકળી ગયા. ગયા વર્ષે યોજાયેલી બિહારની ચૂંટણીમાં ભાજપ પ્રારંભિક તબક્કામાં પાછળ રહી હોવાનું જોવા મળ્યું હતું.

## પેટ્રોલ-ડિઝલને GSTમાં લાવવા ૧૦ વર્ષ શક્ય નથી

નવી દિલ્હી, તા. ૨૪

સંસદમાં નાણા બિલ - ૨૦૨૧ પર ચર્ચા દરમિયાન નાણા મંત્રી નિર્મલા સીતારમણે મંગળવારે લોકસભામાં કહ્યુ હતુ કે સરકાર રાજ્યોના પ્રસ્તાવ લાવવા પર પેટ્રોલ-ડીઝલને જીએસટીના માળખામાં લાવવા માટે તૈયાર છે પરંતુ બુધવારે રાજ્યસભામાં ભાજપ સાંસદ સુશીલ કુમાર મોદીએ આગામી ૮-૧૦ વર્ષ સુધી આ સંભવ ન હોવાનુ જણાવ્યુ.

રાજ્યસભામાં સુશીલ કુમાર મોદીએ કહ્યુ કે અત્યારે પેટ્રોલ-ડીઝલ પર ૧૦૦ રૂપિયામાં ૬૦ રૂપિયા કર હોય છે. જેમાં ૩૫ રૂપિયા કેન્દ્ર સરકારના અને ૨૫ રૂપિયા રાજ્ય સરકારના. એટલુ જ નહીં કેન્દ્રના ૩૫ રૂપિયામાંથી ૪૨% રાજ્ય સરકારની પાસે જાય છે. તેમણે કહ્યુ કે તેઓ જીએસટી પરિષદ સાથે જોડાયેલા રહ્યા છે. ઘણીવાર પેટ્રોલ-ડીઝલને જીએસટીમાં લાવવાની વાત કહેવામાં આવે છે. તેઓ સદન પાસેથી જાણવા ઈચ્છે છે કે જો પેટ્રોલ અને ડીઝલને જીએસટીમાં નાખી દીધા છે તો રાજ્યોને બે લાખ કરોડ રૂપિયાનુ મહેસૂલ નુકસાનની ભરપાઈ ક્યાંથી થશે. કેન્દ્ર અને રાજ્ય બંને મળીને આનાથી વાર્ષિક ૫ લાખ કરોડ રૂપિયાનુ મહેસૂલ એકત્ર કરે છે, તેની ભરપાઈ ક્યાંથી થશે?

સુશીલ મોદીએ કહ્યુ કે જીએસટીમાં હાઈએસ્ટ ટેક્સ સ્લેબ ૨૮%. અત્યારે પેટ્રોલ-ડીઝલ પર અમે ૬૦% કર લઈ રહ્યા છીએ. એવામાં જો બે થી અઢી લાખ કરોડ રૂપિયાના મહેસૂલનુ નુકસાન થશે તેની ભરપાઈ ક્યાંથી થશે. જો આને જીએસટીમાં લઈ લઈએ તો કેન્દ્રને ૧૪ અને રાજ્યોને માત્ર ૧૪ રૂપિયા કર મળશે.

## ૨૪ દિવસ બાદ પેટ્રોલમાં ૧૮ અને ડિઝલમાં ૧૭ પૈસાનો ઘટાડો

ન્યુ દિલ્હી,તા.૨૪

સરકારી તેલ કંપનીઓએ બુધવારે ૨૪ દિવસ બાદ પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં ફેરફાર કર્યો છે. રાજધાની દિલ્હીમાં આજે પેટ્રોલ ૧૮ પૈસા અને ડીઝલ ૧૭ પૈસા સસ્તુ થયું છે. દિલ્હીમાં પેટ્રોલનો ભાવ ૯૦.૯૯ રૂપિયા પ્રતિ લીટર થઈ ગયો છે.

ગત મહિને સતત ૧૬ દિવસ સુધી પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં વધારો થયો હતો જેથી લગભગ દરેક શહેરમાં ઈંધણના ભાવ ઓલ ટાઈમ હાઈ પર પહોંચ્યા હતા.

તાજેતરના ઘટાડા બાદ દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૯૦.૦૦ રૂપિયા પ્રતિ લીટર અને ડીઝલની કિંમત ૮૧.૩૦ રૂપિયા પ્રતિ લીટર થઈ ગઈ છે.

## પોક્સો કોર્ટ દ્વારા આરૂષિ કેસમાં ત્રણ આરોપીને ફાંસીની સજા

**બુલંદશહેરના બહુચર્ચિત આરૂષિ ગેંગરેપનો ચુકાદો : ૨ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ આરૂષિનું અપહરણ કરાયું હતું અને ગેંગરેપ બાદ તેની હત્યા કરી દેવામાં આવી હતી**

નવી દિલ્હી, તા. ૨૪

ઉત્તર પ્રદેશના બુલંદશહરના બહુચર્ચિત આરૂષિ ગેંગરેપ અને હત્યાકાંડ કેસમાં પોક્સો કોર્ટે ત્રણેય ગુનેગારોને ફાંસીની સજા ફટકારી છે. ચાલતી કારમાં ગેંગરેપ અને હત્યાની આ ઘટના બાદ ઉત્તર પ્રદેશમાં રાજકીય ભૂકંપ સર્જાયો હતો અને પોલીસના હોંશ પણ ઉડી ગયા હતા. ઘટનાના ૧૦ દિવસ બાદ પોલીસે સિકંદરાબાદ નિવાસી આરોપી ઈજરાઈલ, જુલ્ફિકાર અને દિલશાદની ધરપકડ કરીને તેમને જેલભેગા કર્યા હતા.

૨ જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ આરૂષિ ટ્યુશનથી ઘરે જઈ રહી હતી તે સમયે તેનું અપહરણ કરવામાં આવ્યું હતું અને ગેંગરેપ બાદ તેની હત્યા કરી દેવામાં આવી હતી. બે વર્ષ ચાલેલી સુનાવણી બાદ આરૂષિને ન્યાય મળ્યો છે અને તેની માતાએ પોતે હેવાનોને ફાંસી પર લટકતા જોવા માંગે છે તેમ કહ્યું હતું. એનએચ-૯૧ પર ચાલતી કારમાં ૧૬ વર્ષીય આરૂષિને વારંવાર દુષ્કર્મનો ભોગ બનાવવામાં આવી હતી અને ૪ જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ દાદરી કોતવાલી ક્ષેત્રમાંથી તેનું શબ મળી આવ્યું હતું. પોલીસ તપાસમાં શબની ઓળખવિધિ થઈ હતી અને સગીરાના પરિવારજનોએ ૩ વિધર્મી યુવાનો વિરૂદ્ધ હત્યા, ગેંગરેપ મામલે ફરિયાદ નોંધાવી હતી.

